આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ મિથુન

આજના ગ્રહોની કુંડળી



આજે ચાંડાલ યોગ છે.

મેષ શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે - સાતમે મંગળને આઠમે શનિ આપને મિશ્રફળ આપશે. મોટા ભાગે તકલીફો વધુ આવે. હનુમાનજી - શનિદેવની ભક્તિ - પૂજા કરવી.

વૃષભ વ્યવસાયમાં પ્રગતિ કરાવે - ઉપરી અમલદારોથી લાભ થાય - સંતાનો પરાક્રમો કરે જેનાથી તેમની નામના થાય - કૌટુંબિક સંવાદિતા જળવાઈ રહે.

મિથુન રાશિમાં ચંદ્ર તેમજ આઠમે રાશિપતિ શુક્ર સાથે હોવાથી આપનો આજનો દિવસ રોમાન્સમય જશે - પત્ની તરફથી સંપૂર્ણ સહકાર મળશે. સંતાનને ભણવામાં વિક્ષેપ પડશે.

કર્ક સાતમે બુધ - શુક્ર તમારી લોકચાહના વધારે - ફક્ત વાણી ઉપર સંયમ રાખશો તો ફાવશો. બને તેટલું મૌનવ્રત પામશો નહીં તો મિત્રો શત્રુ થશે - તમને અનુસરનારાઓ વધશે.

સિંહ શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે. શનિદેવ - હનુમાનજીની ભક્તિ - પૂજા કરવી - જેનાથી પનોતીની અસરો ઓછી થશે. છઠ્ઠે શુક્ર - બુધ ખોટા વણજોઈતા ખર્ચા કરાવશે.

કન્યા દસમે ચંદ્ર ઉત્તમ ફળ અપાવશે - બારમે ગુરુ ધાર્મિક ખર્ચ કરાવશે - બારમે રાહુ કડવી વાણી ના ઉચ્ચારાવે તેનું ધ્યાન રાખશો તો ફાવશો - નાનો પ્રવાસ ટાળશો.

તુલા શનિની સાડાસાતી પનોતી ચાલે છે. રાશિમાં મંગળ તમોને પનોતીમાં મિશ્રફળ અપાવે. સાતમે પોતાના ઘરને મંગળની દ્રષ્ટિથી લોકપ્રિયતામાં વધારો કરે.

વૃશ્ચિક શનિની સાડાસાતી પનોતી ચાલે છે. હનુમાનજીને શનિદેવની પૂજા કરશો તો પનોતી નડશે નહીં. કૌટુંબિક સુખ-શાંતિ જળવાઈ રહેશે. પત્ની સંતાનોથી સુખ મળશે.

ધન શનિની સાડાસાતી પનોતી ચાલે છે. પનોતીનો સારો તબક્કો ચાલતો નથી. જરૂર વગરના ખોટા ખર્ચાઓ કરશો. માનસિક તનાવ રહેશે - બહાર ફરતા રહેશો. થોડી પેશનથી બચશો.

મકર છઠ્ઠે ચંદ્ર રોગ શત્રુઓને ઠંડા રાખે છે તેથી તમારો દિવસ સરળતાથી જશે - રાશિમાં શુક્રને બુધ તેમજ અગિયારમે શનિની પોતાના ઘર પર દ્રષ્ટિથી અકલ્પનીય આનંદમાં દિવસ જશે.

કુંભ રાશિમાં સૂર્ય સાતમે પોતાના ઘરને જોતો હોઈ પ્રતાપી લોકપ્રિયતા પ્રાપ્ત કરે - જાતક ધારેલું કામ પાર પાડશે. દસમે શનિ તમને મદદરૂપ થશે.

મીન ચોથે ચંદ્ર ને આઠમે મંગળ તમોને પડવા - વાગવા - દાઝવાથી સાચવવાનું સૂચવે છે. ધ્યાન રાખીને ઈષ્ટદેવની ભક્તિ - પૂજા કરવાથી તકલીફમાં રાહત મળે.

ગાંધીનગર જેસીઆઈ દ્વારા મોટીવેશન કાર્યક્રમ યોજાશે

જે.સી.આઈ ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સેકટર - ૧૭ ખાતે મોટીવેશન સેમીનારનું આયોજન સાંજે ૮ થી ૧૦ દરમ્યાન કરવામાં આવ્યું છે. આ મોટીવેશન સેમીનારમાં જાણીતા જેસીઆઈ ઈન્ટરનેશનલ ટ્રેનર મીતા અગ્રવાલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. ગાંધીનગર શહેરના શહેરીજનોને આ સેમીનારનો લાભ લેવો હોય તેમણે ભૂમિ ગંગવાની (મો.-૯૪૨૮૫ ૪૫૬૧૮) અને મિત્તલ ત્રિવેદી (મો.૯૯૨૪૦૩૦૦૬૬) પર સંપર્ક કરવા સંસ્થાના ટ્રેનીંગ વાઈસ પ્રેસીડેન્ટ સુનિલ ગંગવાનીએ જણાવ્યું છે.

તલોદ કોલેજમાં રાજય કક્ષાનો પરિસંવાદ યોજાયો

તલોદ, તા.૧૮

તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તાજેતરમાં ગુજરાતી અને સંસ્કૃત વિષય પર રાજયકક્ષાનો પરિસંવાદ યોજાયો હતો. જેમાં સંખ્યાબંધ કોલેજના શિક્ષણ વિદોએ ભાગ લઈ મનનીય વ્યાખ્યાનનો રસથાળ પિરસી વિસ્તૃત માહિતી પુરી પાડી હતી.

આ રાજય કક્ષાના પરિસંવાદમાં વિદ્વાન વકતાઓ ઉમાશંકર જોષીએ 'જીવન અને કવનનું પુર્નઃ મુલ્યાંકન' એ વિષય ઉપર વકતવ્યો રજૂ કર્યા હતા. પરિસંવાદ સમારોહમાં પ્રો. વિનાયક રાવલે વિવેચક ઉમાશંકર, ડૉ. રોહિત પંચોલીએ સર્જક પ્રતિભા, ડૉ. યશોધર રાવલે કવિતા, ડૉ. પ્રભુદાસ પટેલે એકાંકીકાર, ડૉ. રાજેશ મકવાણાએ પધરૂપકો અને ડૉ. ઉત્પલ પટેલે નિબંધકાર વિશે પોતાના વકતવ્યો રજૂ કર્યા હતા. પ્રાસંગિક ભૂમિકા કોલેજના આચાર્ય ડૉ. જે.સી. પટેલે પુરી પાડી હતી. સમારોહના કન્વીનર તરીકેની જવાબદારી ડૉ. પ્રેમજીભાઈ પટેલે તથા સંચાલનની જવબદારી પ્રા. પારૂલબહેન માધુએ કરી હતી.

લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

ભોગે એ ન થવું જોઈએ. શેક્સપિયર, કિટ્સ, શેલી, બાયરન કે મિલ્ટનને માણવા જતાં નરસિંહ, મીરાં, કે અખા, દયારામ વગેરેને ભૂલી જઈએ એ પોશહાય ખારું?! અરે માતૃભાષામાં જેણે અભ્યાસ કર્યો છે એવા કાકાકાલેલકર, ફાધરવાલેસ, વિનોબાભાવે કે ગાંધી - જેવા અગણિત લોકો રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય ફલક પર ખ્યાતિ પામ્યા છે. એટલે એવું રખે માનશો કે માતૃભાષાના માધ્યમથી અભ્યાસ કરવાને લીધે ઓછપ કે ઉણપ રહી જશે.... આ સંદર્ભે પેલું ગીતાકથન જરા જુદા સ્વરૂપે યાદ આવે છે, ''સ્વભાષાયામ નિધનમ શ્રેયઃ પરભાષા ભયાવહઃ'' દોસ્તો, મા, માનું દૂધ, માતૃભાષાને માતૃભૂમિનો મહિમા પિછાણી સાચા વિશ્વમાનવ બનીએ...!!!

સ્પર્શમણિ

એક ટુચકો : ગામડા ગામનો કોઈ માણસ પરગામ જતો હતો. સાથે તેની પત્ની પણ હતી. તેના પગમાં મહેંદી મૂકાવેલી અને રસ્તામાં એક કેડ સમુ પાણી ભરેલી નદી ચાલીને પાર કરાવી પડે તેમ હતી. બાપુ તો મૂંઝાયા. પાણીમાં ચાલવાથી તો મહેંદીનો રંગ નીકળી જાય, આ તો કેમ ચાલે? બાપુએ સાહસિક અભિગમ અપનાવ્યો. પત્નીને ઉંધી કરીને તેના પગ હાથમાં રાખીને બાપુ નદી પાર કરી ગયા. સામે કિનારે ગયા પછી ખ્યાલ આવ્યો કે પત્નીનું મોંઢું સતત રહેવાને કારણે ગૂંગળાઈ જવાથી તેનું પ્રાણ પંખેરું ઊડી ગયું હતું. બાપુ નદી પાર અને પત્ની તડીપાર.

ગામના લોકો એ બાપુને ઠમઠાર્યો; ''અલ્યા! કાઈ અક્કલ છે તારામાં? આ તારી વહુનો જીવડો ચાલ્યો ગયો.'' ''જીવડો ચાલ્યો ગ્યો તો ભલે ગ્યો, રંગડો તો રહ્યો ને!'' મૃત પત્નીની પાણી ગૌરવભેર બતાવતાં બાપુ બોલ્યા.

પોતાના સંતાનોના જીવનમાંથી ધર્મસંસ્કૃતિનો 'જીવડો' ચાલ્યો જાય તો પણ અંગ્રેજીનો 'રંગડો' જાળવી રાખનારા વાલીઓ ને ઉપરોક્ત વાત બે વાર વાંચી જવાની જરૂર છે. (સંકલન)

Rasikvaland1965@gmail.com

સ્વામિનારાયણ મંદિર સલાલનો પ્રથમ પાટોત્સવ ભારે દબદબાપૂર્વક યોજાયો

શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિમંદિર - વિશ્વ શાંતિ કેન્દ્ર રજત મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, સલાલનો પ્રથમ પાટોત્સવ ભારે દબદબાપૂર્વક યોજાયો હતો. બે દિવસીય કાર્યક્રમમાં વ્યસનમુક્તિ રેલી તેમજ વ્યસનમુક્તિ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજે આ પ્રસંગે આશિર્વાદમાં જણાવ્યું હતું કે મનુષ્યે જીવનમાં વ્યસન અને કુરિવાજોનો ત્યાગ કરશે તો તે સત્સંગ સંસ્કારથી શોભશે. વ્યસન એ તો મનુષ્યના અમુલ્ય જીવનને અધોગતિને પંથે દોરનારૂ છે. માટે તેનાથી દુર રહી સત્સંગ સંસ્કાર શિક્ષણ સહિતનું જીવન જીવવુ. શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વ જીવ હિતાવહ, આચાર સંહીતા રૂપ આપેલ શિક્ષાપત્રીમાં જણાવેલ પંચવર્તમાન નિયમ પાળવા પણ હાંકલ કરી હતી. મનુષ્યે દ્રષ્ટિ, મન, વાણી, આચરણ શુદ્ધ રાખવા, તન, મન શુદ્ધ હશે તો જ ભગવાન બિરાજમાન થશે. જીવન સત્સંગ સંસ્કાર સહિતનું જીવવું જેથી વ્યસન તેને કદી પણ લુંટી જાય નહી. શિબિરમાં ઘણી મોટી સંખ્યામાં માનવ સમુહ ઉપસ્થિત રહ્યો હતો.

પ્રાંતિજ પોલીસે માત્ર ૨૪ કલાકમાં ચોરીનો ભેદ ઉકેલ્યો

પ્રાંતિજ, તા.૧૭

પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે સમ્યક ગેસ ફેકટરીના ઓકસીજન ગેસના બોટલ ભરેલ ટેમ્પો રાત્રીના સમયે તસ્કરો ઉઠાવી ગયા હતા અને બીજા દિવસે ફેકટરી માલિક દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. ત્યારે પ્રાંતિજ પોલીસે માત્ર ૨૪ કલાકમાં ચોરીનો ભેદ ઉકેલી મુદ્દામાલ સહિત ત્રણની અટકાયત કરી રીમાન્ડની માગણી કરી છે.

પોલીસ ધારે તો બધુ કરી શકેનો ઉત્તમ નમુનો પ્રાંતિજ ખાતે જોવા મળ્યો છે. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ફેકટરી માલિક મહાવીર પ્રસાદ અમૃતલાલ ગાંધી રહે. ઈડરની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને માત્ર ફરિયાદને ૨૪ કલાકમાં જ પ્રાંતિજ પોલીસ દ્વારા ૩૩ ઓકિસજનની બોટલ એક નંગ કિંમત આઠ હજાર કુલ ૨ લાખ ૩૧૦૦૦ હજારના ચોરીના માલ સામે ૨૫ બોટલ ઓકિસજન ૧ લાખ ૭૫ હજાર ચોરીમાં લેવાયેલ ચારસો સાત ગાડી જેની કિંમત ૩ લાખ ૩ મોબાઈલ જેની કિંમત ૧૫૦૦ સહિત કુલ ૪ લાખ ૭૫ હજાર પાનસોના મુદ્દામાલ સાથે ૩ આરોપીઓની અટકાયત કરી હતી. જેમાં બ્રીજેશ રાજેન્દ્ર યાદવ (ઉ. ૨૨ રહે. સલાલ) મગનજી કાનાજી પરમાર (ઉ. ૫૧, રહે. સલાલ) વિરેન્દ્ર વિરૂભમ્મરસિંહ ચૌહાણ (ઉ. ૨૮ રહે. દહેગામ)ની વધુ પુછપરછ માટે પ્રાંતિજ કોર્ટમાં રીમાન્ડની માંગણી કરી છે.

ભાગવત વિદ્યાપીઠ ખાતે ૨ માર્ચથી પાટોત્સવ ઉજવાશે

અમદાવાદ, તા. ૧૭

શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલામાં તા. ૨ માર્ચથી તા. ૮ માર્ચ, ૨૦૧૬ દરમિયાન પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવ દરમિયાન વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

પાટ્ ઉત્સવ એટલે જે દેવ દેવતાની જે દિવસે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હોય તે દિવસને પાટોત્સવ કહેવામાં આવે છે. જેમ લોકો પોતાનો જન્મદિવસ ઉજવતા હોય તે રીતે પ્રભુને પણ પાટે પધરાવવાનો ઉત્સવ એટલે પાટોત્સવ. પ્રભુના જન્મદિવસની ઉજવણી એટલે પાટોત્સવ. દરેક સંપ્રદાયો પોતાની પ્રણાલીથી આ દિવસની ઉજવણી કરે છે.

સોલા ભાગવત વિદ્યાપીઠમાં આયોજિત પાટોત્સવની વિગતો આપતા પ.પૂ. શ્રી ભાગવત ઋષિએ જણાવ્યું હતું કે, 'કુલ સાત દિવસના પાટોત્સવમાં દરરોજ સવારે ૯ થી બપોરે ૧ સુધી ભાગવત સપ્તાહ, બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન મૂલ પારાયણ અને સાંજે ૫.૩૦ થી ૭ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી થશે.

તેમણે વધુમાં જણાવ્યું કે પાટોત્સવના દિવસોના વૈવિધ્યપૂર્ણ મનોરથો પણ છે. તેમાં શ્યામ ઘટામાં દિપમાલીકા, શ્રૃંગારમાં મિનાકારી, રાજભોગમાં તિલક, પૂષ્પના બગીચાના રાજભોગમાં જરીના બંગલા, ગુલાબકુંડ, બગીચા નોમ, કુંજ એકાદશી, હોળી ઉત્સવ અને ડોલ ઉત્સવનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૯ માર્ચથી તા. ૨૨ માર્ચ, ૨૦૧૬ દરમિયાન શયનનાં દર્શનમાં 'રાળનાં દર્શન' થશે.

ગુજરાત યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સંયોગથી આ પાટોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૮ માર્ચના રોજ નિધી ધોળકીયા અને નિતિન દેવકા ગ્રુપ દ્વારા કૃષ્ણ ગીતો, ૯ માર્ચના રોજ સાહબુદીન રાઠોડ, રણજીત વાંક અને સુખદેવ ગઢવીનો હસાયરો, ૧૦ માર્ચના રોજ ભીખુદાન ગઢવી (ગાંધીનગર) ગ્રુપ દ્વારા ભવ્ય ડાયરો યોજવામાં આવશે.

નવા કમિશનર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યભાર સોંપવામાં આવ્યો છે. ગુજરાત ફર્ટિલાઈઝરના મેને. ડિરેકટર તરીકે શ્રી એ.એમ. તિવારીને નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે જી.એમ.ડી.સી.ના મેને. ડિરેક્ટર શ્રી ગેરાને આલ્કાલીઝ કોર્પોરેશનમાં મેને. ડિરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે.

શ્રી વિક્ટર મેકવાનને મહેસુલ વિભાગમાં અપીલ પ્રભાગમાં સંયુક્ત સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત અરવિંદ અગ્રવાલ એ.સી.એસ.ને જી.એમ.ડી.સી.નો વધારાનો ચાર્જ, ઊર્જા વિભાગના અગ્ર સચિવને જી.ઈ.બી.નો વધારાનો ચાર્જ અને રાકેશ શંકર મ્યુ.ના નિયામકને પણ મ્યુનિ. ફાયનાન્સ બોર્ડનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

મનનાં ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

શિયાળે શીતળ વા વાય
ઠરી જાય હાત્રો ડિમોક્રસીના
તે પહેલાં
તારી ઢંકાયેલી ખાલને નગ્ન કરવાના સરિયામ સત્યમાં
તારો ફાળો
ઊનનો.
તારો મતાધિકાર ખાલ ઉતારનારાની પસંદગીનો.
એમાં તારી પાસે જ નથી તે ગુમાવવામાં ભય નથી.
તારાં ફાંફાં
એક ઘેટું બની રહેવાના અકબંધ રહેશે.

- લાભશંકર ઠાકર

નોંધણી ઝુંબેશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્કુલ વર્ધીના વાહનોના લીધે વાલીઓની જવાબદારી હળવી થઈ છે. પરંતુ સાથોસાથ કેટલાક પ્રશ્નો પણ ઉદભવ્યા છે. આ માટે આર ટી ઓ તંત્ર તેમજ સ્કુલ વર્ધી વાહન એસોસિએશન સાથે એક બેઠક પણ અગાઉ યોજવામાં આવી હતી. જેમાં વાહનોની નોંધણી માટે વ્યવસ્થા ગોઠવવા પણ માંગ ઉઠવા પામી હતી. સ્કુલ વર્ધીના વાહનો નિયમ મુજબ રજીસ્ટ્રર થવા જોઈએ તે બાબત મહત્વની હોવાથી વાહનો નિયમ મુજબ દોડે તેવા આશયથી નગરમાં બાકી રહેતા સ્કુલ વર્ધીના વાહનોની નોંધણી કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં દોડતા સ્કુલ વર્ધીના વાહનો નિયમ અનુસાર તેમજ વધુ સલામતી પુર્વક વિદ્યાર્થીઓનુ વહન કરે તે માટે પણ જરૂરી પગલા લેવાની અનિવાર્યતા છે.

કોબા સ્થિત કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારકમાં માતૃદિન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ધર્મ પત્ની કસ્તુરબા ગાંધી પુણ્યતિથિ નિમિત્તે તા. ૨૨મી ફેબ્રુઆરી-૨૦૧૬ના રોજ સવારે ૧૦ કલાકે કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ કોબા ખાતે માતૃદિન સમારોહ યોજાશે.

માતૃદિન સમારોહમાં શ્રીમતિ કલ્પનાબહેન ગાગડેકર : કસ્તુરબાનું પાત્ર ભજવતા તેમના જીવનમાં આવેલા પરિવર્તન અંગે તેમજ સુશ્રી રમીલાબેન ગાંધી કસ્તુરબા અને સ્ત્રી શક્તિ અંગે વક્તવ્ય રજૂ કરશે. આ કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત સર્વોદય મંડળ અને માનવ કલ્યાણ ટ્રસ્ટ સંસ્થાઓએ સહયોગ આપશે. તેમ કસ્તુરબા સ્ત્રી અધ્યાપકન મંદિરના આચાર્ય ડૉ. ગાયત્રીબહેન સોલંકીએ જણાવ્યું હતું.

રવિવારે ગાંધીનગર સાહિત્ય સભાનો વાર્ષિકોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧મી ફેબ્રુઆરી રવિવારના રોજ ગાંધીનગર સાહિત્ય સભાના વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે. ૨ ઉમાં કડી સર્વ વિદ્યાલય કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલ ખાતે સવારે ૧૦ કલાકે યોજાશે.

સાહિત્યસભાના વાર્ષિકોત્સવ-૨૦૧૬માં સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના વિવિધ સાહિત્યકારો અલગ અલગ વિષયના સંદર્ભે વ્યક્તવ્યો રજૂ કરશે. કાર્યક્રમનું ઉદ્ઘાટન પ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના હસ્તે કરાશે. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહા અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ઉદ્ઘાટન સમારોહ બાદ કુલ બે બેઠક યોજાશે. ત્યારબાદ ચિત્રસેન શાહ લિખિત હાસ્યનું મેઘધનુષ પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવશે. કાર્યક્રમમાં વી.એસ. ગઢવી, નીતિન વડગામા, દોલત ભટ્ટ, પ્રવીણ ગઢવી જેવા વક્તાઓ તેમના વક્તવ્યો રજૂ કરશે.

કાર્યક્રમમાં સાહિત્ય અકાદમીના મહાપાત્ર મનોજ ઓઝા ઉપરાંત સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ, મંત્રી સંજય થોરાત અને મૂળજીભાઈ પરમાર, ઉપ પ્રમુખ નટવર હેડાઉ અને સુરેશચંદ્ર ભટ્ટ, ટ્રસ્ટી પ્રજ્ઞાબેન પટેલ સહિત હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનો લાભ લેવા સાહિત્ય રસિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યા છે.

બોરસી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીને માનવમૃત્યુ અંતર્ગત ૪ લાખની સહાય

ઈસરી, તા. ૧૭

મેઘરજ તાલુકાના બોરસી પ્રા. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું ચોમાસાની ઋતુ દરમિયાન વીજળી પડતાં આકસ્મિક મૃત્યુ થયું હતું જે સંદર્ભે આ વિદ્યાર્થીના વાલીને માનવ મૃત્યુ સહાય અંતર્ગત સરકાર તરફથી ૪ લાખનો ચેક સહાય સ્વરૂપે ૧૭ ફેબ્રુઆરીએ આપવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ બોરસી પ્રા. શાળાનો વિદ્યાર્થી મયુરકુમાર દિનેશભાઈ ડામોર ધો. ૨માં અભ્યાસ કરતો હતો. તે દરમિયાન ૨૦૧૫ની ચોમાસાની ઋતુમાં તે વિદ્યાર્થી ઉપર અચાનક વીજળી પડતાં આ વિદ્યાર્થીનું તા. ૧૮-૯-૨૦૧૫ના રોજ આકસ્મિક મૃત્યુ થયુ હતું. જે અનુસંધાને આ વિદ્યાર્થીના વાલીને માનવ મૃત્યુ સહાય અંતર્ગત સરકાર તરફથી રૂ. ૪ લાખની સહાય તાલુકા પંચાયત પ્રમુખ દિલીપભાઈ સુવેરા, તાલુકા વિકાસ અધિકારી એ. કે. પંચાલ, તાલુકા કેલવણી નિરીક એન.એ. ડામોર દ્વારા સ્વ. મયુરના ઘરે જઈ તેમના વાલીને આ સહાયનો ચેક આપવામાં આવ્યો હતો.

ટ્રાવેલ મીટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતા તે અંતર્ગત આ વખતે ટ્રાવેલ માર્ટમાં રાજયના પ્રવાસન ક્ષેત્રે ૫૦ જેટલા સ્થાનિક અને વૈશ્વિક રોકાણકારોએ અંદાજીત રૂ. ૧૫૦૦ કરોડના મૂડીરોકાણ માટે સમજૂતી કરવા રસ દાખવ્યો છે. જેમાં સ્કિલ ડેવલપમેન્ટ, પ્રવાસન એકમો, ગોલ્ફ ટુરિઝમ, સિવિલ એવિએશ, ઈકો ટુરિઝમ, ટેક્સટાઈલ ટુરિઝમ ક્ષેત્રે રોકાણો પ્રાપ્ત થવાની અપેક્ષા છે. રોકાણકારોએ ૧૮ જિલ્લાઓમાં હોટેલ્સ, રીસોર્ટસ, થીમ પાર્કસ એમ્યુઝમેન્ટ પાર્કસ અને ટેન્ટ આવાસો સુયોજિત કરવા માટે રસ દર્શાવ્યો છે.

આ ઉપરાંત બ્રિટીશ ડેપ્યુટી હાઈકમિશનર શ્રીયુત જ્યોફ વેન, કોન્સ્યુલેટજનરલ ઓસ્ટ્રેલિયા શ્રીયુત માર્ટ પિયર્સ, કોન્સ્યુલ જનરલ ઓફ કેનેડા શ્રીયુત જોર્ડન રીવ્ઝ, યમનના સીડીઓ શ્રીયુત જમાલ અબ્દુલ્લા અલ હની મોહતાના, માલાવીના હાઈકમિશનર ડૉ. બુયા ઈસાક મુંલુ ઉપરાંત ભારત સરકારના પ્રવાસન વિભાગના સચિવ શ્રી વિનોદ ઝુત્શી તેમજ હરિયાણા અને ઓડિસા જેવા રાજ્યોના પ્રવાસન મંત્રીશ્રીઓ પણ વિશેષરૂપે ઉપસ્થિત રહેશે. પ્રવાસન સચિવ શ્રી એસ. જે. હૈદર આ ટ્રાવેલ મીટને સફળ બનાવવા વિશેષ પ્રયત્નો કરી રહ્યા છે.

ઘેરો બન્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટ રૂમમાં રહેલા લોકોને દૂર કરવા માટે પણ સૂચના આપી હતી. અગાઉ સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કોર્ટમાં કન્હૈયાને લાવવામાં આવ્યો હતો. એજ વેળા પટિયાલા હાઉસ કોર્ટમાં હાઈડ્રામાની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. એક પત્રકાર અને વિદ્યાર્થી ઉપર હુમલો કરી દેવામાં આવ્યો હતો. આ ગ્રુપ દ્વારા વંદેમાતરમ્‌ના નારા લગાવવામાં આવ્યા હતા. કોર્ટ સંકુલમાં ભારતના ધ્વજ પણ લહેરાવવામાં આવ્યા હતા. વિક્રમ ચૌહાણ દ્વારા આનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું. વિક્રમ ચૌહાણ એવા વકીલ પૈકીના એક છે જેમના ઉપર જેએનયુના વિદ્યાર્થીઓ સાથે ઝપાઝપીના આક્ષેપો છે.

એક અગ્રણી ટીવી ચેનલના પત્રકારે કહ્યું હતું કે, સઘન સુરક્ષા હોવા છતાં કોર્ટ સંકુલમાં જોરદાર ઝપાઝપી શરૂ થઈ ગઈ હતી. પોલીસે સુત્રોચ્ચાર કરવાથી અને પત્રકારો અને વિદ્યાર્થીઓ સાથે મારામારી કરવાથી વકીલોને રોક્યા ન હતા. અગાઉ સુપ્રીમ કોર્ટે કોર્ટ રૂમમાં લોકોની સંખ્યા મર્યાદિત કરી હતી અને માત્ર પાંચ પત્રકારોને મંજુરી આપી હતી જ્યારે ધરપકડ કરવામાં આવેલાના સમર્થનમાં બે લોકોને રાખવા કહેવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા ૧૫મી ફેબ્રુઆરીના દિવસે જે બનાવ બન્યા હતા તેને લઈને કોઈ પગલા લીધા ન હતા તેવી અરજીના આધાર પર સુપ્રીમે આજે આ આદેશ કર્યો હતો. ગઈકાલે નેશનલ મિડિયાના બે એડિટરો અને સેંકડો પત્રકારો શેરીઓમાં આવી ગયા હતા અને પત્રકારો ઉપર હુમલા કરવામાં સામેલ લોકો સામે પગલા લેવાની માંગ કરી હતી. પત્રકારો દ્વારા સુપ્રીમ કોર્ટની દરમિયાનગીરીની માંગ પણ કરી હતી. પટિયાલા હાઉસ કોર્ટમાં આજે થયેલી અંધાધૂંધીને લઈને ગંભીર નોંધ લેવામાં આવી હતી.

લીલી ઝંડી અપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાઈકલ શેરીંગ પ્રોજેકટને સફળ બનાવવા માટે શરૂઆતના ત્રણ મહીના નગરજનોને વિના મુલ્યે સાઈકલની સવારી નસીબ થાય તેવુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. ત્યારે નગરજનો પણ સાઈકલ શેરીંગ પ્રોજેકટને લીલીઝંડી આપવામાં આવે તેની વાટ નિહાળી રહયા છે.અંતરંગ સુત્રોમાંથી પ્રાપ્ય થતી માહીતી અનુસાર આગામી માર્ચ મહીનામાં નગરના માર્ગો પર સાઈકલો દોડતી જોવા મળશે. ગ્રીન ગ્રીન ગાંધીનગરના માર્ગો પર ટ્રીન ટ્રીન કરતી સાઈકલો માટે ટ્રેક પણ તૈયાર કરી દેવાયા છે. આગામી માર્ચ મહીનામાં ૧૨ માર્ચના રોજ ગુડાના સ્થાપના દિન નિમિત્તે સાઈકલ પ્રોજેકટ તેમજ કુડાસણની આવાસ યોજના અન્વયે ડ્રો સહીત શુભ લાભ આવાસ યોજનાના બાકી રહેતા લાભાર્થીઓને આવાસનો કબજો પણ સોંપી દેવામાં આવશે.

સસ્તો સ્માર્ટફોન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્પર્ધા શરૂ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. કંપનીની યોજના ૫૦૦ રૂપિયાથી પણ ઓછી કિંમતના સ્માર્ટ ફોન માર્કેટ ઉતારવાની તૈયારી છે. આ ફોન માટે ૧૮મી ફેબ્રુઆરી એટલે કે આવતીકાલથી બુકિંગની પ્રક્રિયા શરૂ થશે. ત્યારબાદ ૩૦મી જૂન સુધી ડિલિવરી મળી જશે. બુકિંગ સવારે છ વાગે શરૂ થશે. એમ માનવામાં આવે છે કે, ફ્રિડમ ૨૫૧ ફોનમાં જોરદાર અને આકર્ષક સુવિધાઓ રાખવામાં આવી છે.

ઈ-ટેન્ડરીંગ નિવિદા નં.૭, સને ૨૦૧૫-૧૬
(ફક્ત વિજળીકરણ કામના ઠેકેદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબ કામ માટે ભાવ પત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨૫૯૫૧૮) દ્વારા વીજળીકરણને લગતા (૭) કામોની અંદાજીત કિંમત રૂ. ૨૨૩૯૪.૨૫ થી ૯૯૯૨૧.૩૨ સુધીની છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારશ્રીઓ પાસેતી માંગવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૬/૨/૨૦૧૬, ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ તેમજ અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જ